## અમરેલીની આસ્થાનાં કેન્દ્ર એવા શ્રી નાગનાથ મહાદેવ મંદિરે સોળે શણગાર સજ્યા : શિવભક્તો ઉમટ્યાં

# શ્રી નાગનાથ મહાદેવ મંદિરનો ૨૦૬મો પાટોત્સવ ઉજવાયો

### ભોળાનાથ શ્રી નાગનાથ મહાદેવના ૨૦૬માં પાટોત્સવ નિમિતે શહેરનાં રાજમાર્ગો ઉપર ભવ્ય વર્ણાગી ફરી : સાંજના મહાઆરતી સહિતના ધાર્મિક કાર્યક્રમ યોજાયા

### સ્વયંભુ પ્રગટ શ્રી નાગનાથ મહાદેવ મંદિર સંસ્થાના ટ્રસ્ટીગણ, શિવભક્તો, મહિલાઓ વર્ણાગીમાં જોડાયા : ભાવિકભક્તોમાં અનેરો ઉત્સાહ છવાયો








અમરેલી,દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી નાગનાથમહાદેવના ૨૦૬માંપાટોત્સવનું આયોજન થયું છે. ભગવાન નાગનાથના પાટોત્સવ નિમિતે વર્ણાગી મહાપુજા, સહિત ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતાં. અમરેલી નાગનાથ મહાદેવનો ૨૦૬મો પાટોત્સવ વૈશાખ સુદ ૧૨ને તા.૨૦-૫-૨૪નેસોમવારનારોજઉજવવામાંઆવ્યો હતો. સાંજેના ૫-૪૫ કલાકે અમરેલી શહેરના મુખ્યમાર્ગોઉપર દાદાની વર્ણાગી ફરી હતી.જેમાં ડો. જીવરાજ મહેતા ચોક, ટાવર રોડ, જુની દાણાબજાર, હવેલીચોક, લાયબ્રેરી થઈ નાગનાથ મહાદેવ મંદિરે વર્ણાગી પહોંચી હતી. જેમાં બહોળી સંખ્યામાં ભાવિકો જોડાયા હતાં. સાંજના ૭-૧૫ કલોક મહાઆરતી યોજાઈ હતી. જેમાં બહોળી સંખ્યામાં શિવભકતોએ આરતીનોલાભલીધોહતો.હોટલદર્શનમાં ડિકે રૈયાણી પરિવાર દ્વારા નાગનાથ મહાદેવ પાટોત્સવ નિમિતે સતસંગ તથા પ્રસાદનુંઆયોજન કરાયુંહતું. વર્ણાગીમાં અમરેલી ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ ચતુરભાઈ અકબરી, હરેશભાઈ સાદરાણી, ગીરીશભાઈ ભટ્ટ, યોગેશભાઈ કોટેચા, યોગેશભાઈ ગણાત્રા, ઘનશ્યામભાઈ રૈયાણી, શીતલ આઈસ્ક્રિમનાં ભુપતભાઈ ભુવા, આંતરરાષ્ટ્રિય વિશ્વ હિન્દુ પરિષદનાં ડો.જી.જે.ગજેરા અને તેની ટીમ તેમજ પ્રબુધ્ધ નાગરીકો જોડાયા હતાં. મહિલાઓએ ડો.જીવરાજ મહેતા ચોકમાં રાસ લીધો હતો.

---

#### આગ વરસાવતી ગરમીથી જન જીવન અસ્તવ્યસ્ત

# સિઝનની સૌથી વધુ રેકર્ડ બ્રેક ગરમીની સાથે ૪૪.૬ ડિગ્રી તાપમાનથી અમરેલી શહેર અગનગોળો બન્યું

### હજુ તા. ૨૦ થી ૨૫ સુધી હવામાન વિભાગ દ્વારા ગરમી વધવાની આગાહી કરાઇ



અમરેલી,

મે મહિનામાં આ સીઝનની સૌથી વધુ ગરમી આજે તારીખ ૨૦ મીના સોમવારેઅમરેલીમાંનોંધાતાઆગવરસાવતી ગરમીથીજનજીવનઅસ્તવ્યસ્તથઈ ગયુંછે.

સોમવારનું મહત્તમ તાપમાન ૪૪.૬ડિગ્રીરહ્યુંછેજ્યારેન્યુનત્તમતાપમાન ૨૮.૨, ભેજ ૭૦ટકાઅનેપવન ૧૦.૮રહ્યું છે. જે ગઈકાલ કરતા સવા ડિગ્રી જેટલું વધ્યું છે આગ વરસાવતી ગરમીથી જનજીવન ત્રાહિમામ પોકારી ગયું છે અને હજુ તારીખ ૨૦ થી ૨૫ સુધી હવામાન વિભાગે અમરેલીમા એલર્ટ જાહેર કર્યું છે.

---

## ભાવનગર રેલવે ડિવિઝનના પાયલોટે સિંહને ટ્રેનની અડફેટે લેતા બચાવ્યો

ભાવનગર,

ભાવનગર ડિવિઝનના સીનિયર ડીસીએમ શ્રી માશૂક અહમદના જણાવ્યા મુજબ, ૧૭મે, ૨૦૨૪ (શુક્રવાર) નારોજ, લોકોપાયલોટ શ્રી મહેશ બલોલિયા (મુખ્યાલય - બોટાદ) ગુડ્સ ટ્રેન નંબર LMO/PPSP પર કામ કરતી વખતે, લગભગ૦૫:૦૦વાગ્યેસવારે, કિ.મી. નંબર ૬૩/૬-૬૩/૭ સાવરકુંડલા-ગાધકડાસેક્શન વચ્ચે રેલ્વે ટ્રેકની બાજુમાં સિંહને બેઠેલા જોયા અને ઈમરજન્સી બ્રેક લગાવીને ગુડ્સ ટ્રેનને રોકીને સિંહનો જીવ બચાવ્યો હતો.

---

#### દર વર્ષની જેમ આ વર્ષે આસ્થાભેર અને પરંપરાગત રીતે

# ફતેપુરમાં ભોજલરામ પ્રાગટ્યોત્સવની તડામાર તૈયારીઓ

### સંગઠન દ્વારા ભોજન પ્રસાદ, ચા-પાણી સહિતની કામગીરી સંભાળવામાં આવી



અમરેલી,અમરેલી તાલુકાનાં ફતેપુર ગામે પુજય ભોજલરામબાપાનાં ૨૩૯ માં પ્રાગટ્યોત્સવવૈશાખપુર્ણિમાનાંપાવનદિવસે તા.૨૩-૫ગુરૂવારનાંભોજાભગતચેરીટેબલ ટ્રસ્ટદ્વારાઉજવણીકરવામાંઆવશે. ગુજરાત, સૌરાષ્ટ્ર અને અમરેલી જિલ્લાનાં જાણીતા ઉદ્યોગપતિઓ, આગેવાનો, સંતો મહંતો આ પ્રસંગેહાજરીઆપશે. સવારે ૬ કલાકે પુજ્ય બાપાનાંસ્મૃતિચિહ્નોનુંપુજન, સવારે ૮ કલાકે રક્તદાન કેમ્પ, ૯ કલાકે ફુલ સમાધી પર ધ્વજા રોહણ, ૯:૩૦ કલાકે નેત્ર નિદાન કેમ્પ, ૧૨ કલાકે ભોજન પ્રસાદ, સાંજે ૫ કલાકે ધર્મસભામાંપુજ્યવિજયબાપુસતાધાર, પુજ્ય લવજીબાપુ નેસડી, પુજ્ય વ્રજલાલબાપુ ગારીયાધાર, પુજ્ય જેરામબાપુ બગસરા, પુજ્યનરેશદાદાત્રિવેદીસુરત, બાબુરામબાપુ ધોળા, રાધાકૃષ્ણ શાસ્ત્રી રામપર, શ્રી શંકર મહારાજ રાજકોટ સહિતનાં સંતો ઉપસ્થિત રહેશે. સાંજનાં ૮:૩૦ કલાકે ભોજન બાદ ૯ કલાકે સંતવાણી ડાયરામાં મનસુખભાઈ વસાવા, અપેક્ષાબેન પંડ્યા, પિયુષભાઈ મિસ્ત્રી, સ્મૃતિબેન પટેલ, રેખાબેન વાળા, મિહીરભાઈ પટેલ અને સાજીંદાઓ સંતવાણી ડાયરાની જમાવટ કરશે. સવારનાં ૯ થી ૧૨ અને બપોરે ૨ થી ૫ સુખદેવ મહારાજનાં સ્વરમાં ભોજલજ્ઞાન કથા યોજાશે. રક્તદાન કેમ્પમાં રક્તદાતાઓને પ્રસાદી રૂપે ભેટ અપાશે. આ કાર્યક્રમમાં રાજકીય મહાનુભાવો પણ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમને સફળ બનાવવા માટે ભોજલરામ યુવા સેવા સંગઠન દ્વારા તડામાર તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

---

#### ગોંડલ તાલુકાના વાસાવડ ખાતેથી

# ચોરાયેલ બાઇક સાથે આરોપીને પકડતી અમરેલી તાલુકા પોલીસ ટીમ

### તાલુકા પીએસઆઇશ્રી આર.જી.ચૌહાણની ટીમ દ્વારા સુંદર કામગીરી

અમરેલી,

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનનાઈન્ચાર્જપો.ઈન્સઆર.જી.ચૌહાણ રાહબરી હેઠળ પો.કોન્સ.લાલજીભાઈ દિપસંગભાઈ રાઠોડ તથા હાર્દિકભાઈ ઓઘડભાઈ ડવ તથા અના.લોકરક્ષક દેવેન્દ્રસિંહ ખુંમાનસિંહ ગોહીલ દ્વારા ભારતનગર વિસ્તારમાં વાહન ચેકીંગ દરમિયાનસલીમભાઈ ઉર્ફેસલોજમાલભાઈ રાઠોડનેચોરીનાંડીસ્કવર મોટર સાયકલ સાથે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આ શખ્સે આશરે દશેક દીવસ વાસાવડ ગામે ભીક્ષાવ્રુતી કરવા માટે ગયેલ હતો ત્યારે બપોરનાં એક થી ત્રણ વાગ્યા ના સમય દરમ્યાન વાસાવડ ગામે માર્કેટ થી અંદરની ગલ્લી માં થઈ આગળ જતા એક ઘર બહાર પડેલ હોય ત્યાથી આ બાઈક ચોરી હોવાનું જણાવ્યું હતું.

---

#### ચોમાસામાં પાણી રેલમ છેલ થાય તે પહેલા પગલા લેવા રજુઆત

# અમરેલીનાં લાઠી રોડ ફાટકથી બાયપાસ સુધી વરસાદી પાણીનાં નિકાલની વ્યવસ્થા નથી

### સ્ટોમ વોટર પાઇપ સાથે જોડાણ અપાઇ તો રોડ ઉપરનાં પાણીનો નિકાલ થશે : શ્રી રમાબેન મહેતા દ્વારા પાલિકાને રજુઆત

અમરેલી,

ચોમાસામાં પાણી રેલમ છેલ થાય તે પહેલા પગલા લેવા રજુઆત અમરેલી પાલિકાનાં પુર્વ ઉપપ્રમુખ અને પાલિકા સદસ્ય શ્રી દ્વારા થઈ છે. અમરેલીનાં લાઠી રોડ ફાટકથી બાયપાસ સુધી વરસાદી પાણીનાં નિકાલની વ્યવસ્થા નથી. જો સ્ટોમ વોટર પાઈપ સાથે જોડાણ અપાઈ તો રોડ ઉપરનાં પાણીનો નિકાલ થશે તેવી શ્રી રમાબેન મહેતા દ્વારા પાલિકાને રજુઆત કરવામાં આવી છે.

---


જય ઉમિયા માતાજી | ૐ નમો નારાયણ | જય નાગનાથ મહાદેવ | 94281 90118

UF ઉમિયા ફેશન

એક જ ભાવ | સાઈઝ S TO 5XL

ઉનાળામાં પણ ઠંડકનો અહેસાસ
ઉમિયાનું ઉનાળુ કલેક્શન છે ખાસ....

કેપ્રી | જીન્સ | કોટન ટ્રેકપેન્ટ
શોર્ટસ | નાઈટવેર | કોલર પોકેટ - ટી શર્ટ
બરમુડા | સેન્ડો ટી-શર્ટ | ફુલ/હાફ સ્લીવ ટી-શર્ટ

(જોકી, કાંચીરો, કીલવીલ, બ્લેક વાઈન, પ્લેયર્સ, હકુચો)

સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી. (નાના આંકડિયા વાળા)

---

અમારો એક જ ધ્યેય સલામત સવારી, અમારૂ નવુ સોપાન

જય રામદેવ ટ્રાવેલ્સ

તદ્દન ન્યુ બ્રાન્ડ A/C, NON A/C બસ

નેસડીથી સુરત
તાતણીયાથી સુરત

ઠણ્ડા-ઠણ્ડા COOL-COOL

ધારી, ચલાલા, જેશીંગપરા અમરેલી, લાઠી, ઢસાથી ગઢડા, બોટાદ, સાળંગપુર, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર, લલીતા ચોકડી, કતારગામ, ડભોલી, સુરત

ટાઇમ રાત્રે ૭,૮,૯

ચંદારાણા ટ્રાવેલ્સ એસ.ટી. ડેપો સામે, અમરેલી

અમરેલી : ૯૪૨૬૨ ૬૪૬૩૮, ૯૦૯૯૫ ૦૮૬૪૧, ૯૮૨૪૨ ૭૦૯૦૦

ધારી : ૯૪૨૮૩ ૪૧૪૩૨, સુરત : મો.૮૮૬૬૪ ૮૫૦૦૦, ૯૭૨૭૪ ૯૭૭૨૫,

Online Booking : www.jayramdevtravels.com

---

ફોર વ્હીલ સનેડા તથા થ્રી વ્હીલ સનેડા બનાવી આપશું.

મારો વિશ્વાસ મારી તાકાત

શ્રી ચામુંડા સનેડો ટ્રેકટર

સરકાર માન્ય સબસીડી મળવાપાત્ર

CHAMUNDA ENGINEERING

શ્રી ચામુંડા એન્જીનીયરીંગ

મનિષભાઈ પંડ્યા 9115821111 9737323402

અમરેલી રોડ, ખુશી રેસ્ટોરન્ટ ની બાજુમાં, મુ.ચિતલ, તા.જી. અમરેલી.

www.shreechamundaengineering.in

---

POLO PLUS પોલો પ્લસ CONTAINERS

અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહીં
શ્રેષ્ઠ પ્રોડક્ટ બનાવીએ છીએ...

100 - 150 200 - 300 લીટર માં ઉપલબ્ધ

૧૦૦% ફુડ ગ્રેડ મટીરીયલ્સ

500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ

9 YEAR WARRANTY

14 વર્ષ ની ગેરંટી

વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૦૯૬ ૦૯૬૯૬

---

"શ્રી ક્રિષ્ના પેસ્ટ કન્ટ્રોલ"

ઉધઈ થી બચો

ઉધઈ ની ટ્રીટમેન્ટ કરી આપનાર

ભાવેશભાઈ - મો. ૯૯૨૫૭ ૫૦૩૪૧

---

અમરેલીનું ગૌરવ હોટલ રોયલ ફોરચ્યુન

રૂમ્સ એન્ડ કોફીબાર

A/C રૂમ એન્ડ નોન A/C રૂમ

મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં

કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

---

મોકાની દુકાન વેચવાની છે

અમરેલીમાં ટાવર રોડ ઉપર પરમાનંદ માર્કેટમાં સોની ભાઇઓને અતિ ઉપયોગી એવી અતિ મોકાની દુકાન કસમાં વેચવાની છે

-:: સંપર્ક ::-
મો.૯૮૯૮૨ ૪૮૭૮૯

---

પાસપોર્ટ ફોટા ફક્ત રૂપીયા ૩૦ માં ૩૨ કોપી બધી મોટી સાઇઝ

૧૨ X ૧૮ ની સાઇઝનો ફોટો ફ્રેમ સહિત માત્ર ૩૦ મીનીટમાં

શ્રી ખોડિયાર સ્ટુડિયો

લીલીયા રોડ, ભીડભંજન મંદિરની સામે, અમરેલી

મો.૯૪૨૯૧ ૩૯૭૫૬

---

ત્રણ દાયકા જુના અને નિષ્ણાંત કુક

શ્રી નિવાસ ડાઇનિંગ હોલ નું જમવાનું તો ભાઇ.. ભાઇ..

ફુલ ગુજરાતી થાળી

સવારનાં ૧૦:૩૦ થી બપોરનાં ૩:૦૦ સુધી મળશે
જેમાં બે શાક, એક કઠોળ, દાળ-ભાત, સંભાર (ઘર જેવુ જ જમવાનું) અમીનો ઓડકાર

સ્થળ : શ્રી નિવાસ ગેસ્ટ હાઉસ
રાજકમલ ચોક, અમરેલી મો.૯૪૨૬૪ ૩૮૩૫૬

---

અમરેલીમાં પ્લોટ વેચવાનો છે

ચક્કરગઢ રોડ, કાનાણીની વાડી પાસે, અક્ષર બંગલોઝની બાજુમાં, ૨૦ X ૩૩ ની સાઇઝનો રોડ કાંઠાનો મોકાનો પ્લોટ કસમાં વેચવાનો છે

-:: સંપર્ક ::-
મો.૯૫૧૦૩ ૩૬૮૮૯

### અવધ હેરિટેજમાં બાળકો માટે વેકેશનમાં મેટ્રોસીટીની આધુનિક ગેમ્સનો ખજાનો, વડીલો માટે મસાજ ચેર સહિતની નવી સુવિધાનો પ્રારંભ

# અવધ ગેમઝોનનો કેન્દ્રીય મંત્રીશ્રી રૂપાલાનાં હસ્તે શુભારંભ

**ભારત સરકારનાં કેબીનેટ મંત્રી શ્રી પરશોત્તમ રૂપાલા, શ્રી વિરજીભાઇ ઠુંમર, શ્રી અશ્વિન સાવલીયા, શ્રી પ્રતાપ દુધાત, પુર્વ પાલિકા પ્રમુખો શ્રી કિલુભાઇ શુક્લ, શ્રી કાળુભાઇ પાનસુરીયા, શ્રી જગદીશ ધરજીયા, શ્રી બકુલભાઇ પંડ્યા, એડવોકેટશ્રી કે.વી.કેસરીયા, શ્રી ડી.કે.રૈયાણી સહિત આગેવાનોની ઉપસ્થિતિ**



















અમરેલી,

સૌરાષ્ટ્રનાં ગૌરવ સમા અમરેલીનાં અવધ હેરિટેજમાં બાળકો માટે વેકેશનમાં મેટ્રોસીટીની આધુનિક ગેમ્સનો ખજાનો, વડીલો માટે મસાજ ચેર સહિતની નવી સુવિધા અવધ ગેમઝોનનો કેન્દ્રીય કેબીનેટ મંત્રીશ્રી પરશોત્તમ રૂપાલાનાં વરદ હસ્તે શુભારંભ થયો હતો.

અવધ હેરિટેજ રિસોર્ટ ખાતે પ્રસંગો ઉપરાંત મનોરંજન માટે સ્વીમીંગ પુલ, થીયેટર સહિતની સુવિધા છે અને હવે તેમાં બાળકો માટે ગેમઝોનનો પ્રારંભ થયો છે સાથે સાથે વડીલો માટે મસાજ ચેરની સુવિધા પણ કરવામાં આવી છે. અવધ હેરિટેજ ખાતે વધુ એક સગવડતાનો પ્રારંભ ભારત સરકારનાં ડેરી, પશુપાલ અને મત્સ્યોઉદ્યોગ વિભાગનાં કેબીનેટ મંત્રી શ્રી પરશોત્તમ રૂપાલાનાં વરદ હસ્તે થયો હતો.

અવધ હેરિટેજમાં લોકોનાં મનોરંજનની એક સુવિધા વધારવાનાં આ પ્રસંગે પુર્વ સાંસદશ્રી વિરજીભાઈ ઠુંમર, અમર ડેરીનાં ચેરમેન શ્રી અશ્વિન સાવલીયા, પુર્વ ધારાસભ્ય શ્રી પ્રતાપ દુધાત, અમરેલી પાલિકાનાં પુર્વ પ્રમુખો શ્રી કિલુભાઈ શુક્લ, શ્રી કાળુભાઈ પાનસુરીયા, શ્રી જગદીશ ધરજીયાતથા ગુજરાત બાર એસોસીએશનનાં સિનિયર એડવોકેટ શ્રી બકુલભાઈ પંડ્યા, એસબીઆઈ તથા બીઓબીનાં લીગલ એડવાઈઝર એડવોકેટશ્રી કે.વી.કેસરીયા, જિલ્લા કોંગ્રેસનાં પુર્વ પ્રમુખ અને પાટીદાર અગ્રણી શ્રી ડી.કે.રૈયાણી સહિત આગેવાનો સહિત ઉપસ્થિતિ રહ્યાં હતાં.

### છેલ્લા પાનાનું
### મીટરનો સર્વે

કાર્યવાહી અમુક શહેરમાં શરૂ થયેલ છે. ત્યારે નવા ડિફેકટીવ સ્માર્ટ મિટર જે ગ્રાહકોના ઘરે ઈન્સ્ટોલેશન કરવામાં આવે છે. જેમાં જુના ચાલુ શુલકદરો સેટ કરવામાં આવ્યા નથી. જેથી આપણા એ જ વપરાશનું બિલ આપણને ૩૦થી ૪૦ટકા વધારે આવે છે. આ અંગે એક સ્પષ્ટતા છે કે બરોડાની જેમ રાજકોટમાં તેમજ ગુજરાતના અન્ય વિસ્તારોમાં કરવામાં આવેલો પ્રથમ પ્રયોગ સંપુર્ણ નિષ્ફળ નિવડયો છે. ત્યારે આ સ્માર્ટ મિટરમાં ત્રણગણુ વધારે બિલ આવતુ હોવાથી અમારા જે જુના મીટર છે તે ચાલુ રાખવા અમારી માંગણી છે. અમરેલી અને ધારી વિસ્તારમાં આ નવા મિટર બાબતે બજરંગ ગૃપ તેનો વિરોધ કરે છે. અન્યથા ના છુટકે અહિંસક આંદોલન કરવાની ફરજ પડશે તેમ બજરંગ ગૃપના પ્રમુખ શ્રી પરેશભાઈ પટ્ટણી દ્વારા અમરેલી એકઝિકયુટીવ એન્જીનિયરને રજુઆત કરી તેની નકલ ધારી પીજીવીસીએલ તથા ધારાસભ્ય જે.વી. કાકડીયાને રજુઆત કરવામાં આવી છે.

## અમરેલી વૃંદાવન પાર્ક શેરી નં. ૧ થી ૩માં સીસી રોડનું કામ કર્યા બાદની કામગીરી કરવા માંગ

અમરેલી, લાઠી રોડ અક્ષરવાડી રોડ, એસટી ડિવીઝન સામેથી શરૂ થતાં અક્ષરવાડી સુધી વેરિંગ કોટ સીસી રોડ બનાવવામાં આવેલ છે. જે રોડ બન્યા બાદ રોડની બન્ને સાઈડ૫-૫ની કડ રહી ગયેલ છે. જે તે વખતે કોન્ટ્રાકટરે જણાવેલ કે રોડનું કામ પુર્ણ થયેલ રોડની બન્ને સાઈડ સરખી કરી આપવામાં આવશે. પરંતુ આજ દિન સુધી કોઈ પ્રકારનું કામ કરવામાં આવેલ નથી અને રહેણાંક એરિયા હોય ખુબજ અગવડતા અને વાહન વ્યવહારમાં વારંવાર અગવડતા તથા અકસ્માત થાય છે. આથી રોડની બન્ને સાઈડ દિવાલથી દિવાલ સીસી અથવા બ્લોક ફિટીંગ અપવા પાલિકાના સદસ્યા રમાબેન નરેશભાઈ મહેતા દ્વારા પાલિકાના ચીફ ઓફિસરને પ્રમુખને રજુઆત કરી છે. કડ હોવાથી વરસાદી પાણી રહીશોના ઘરમાં આવતાં આ પ્રશ્નનું તાત્કાલીક નિરાકરણ લાવવા જણાવેલ છે.

AVADH TIMES DAILY

સત્યમેવ જયતે

# અવધ ટાઇમ્સ

તા.૨૧-૦૫-૨૦૨૪ મંગળવાર

# આપડા રસોડામાં હવે મસાલા પણ સારા હોય નહિ તો ભોજન કેમ કરશુ?

ભારતની ટોચની બે બ્રાન્ડના મસાલા વિવાદમાં ફસાયા છે. આ બંને બ્રાન્ડના મસાલ પર ત્રણ દેશોમાં પ્રતિબંધ મુકાયો છે જ્યારે યુકે, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ સહિતના દેશોમાં તપાસ શરૂ કરાઈ છે. આ બંને બ્રાન્ડના મસાલામાં કાર્સિનોજેનિક્સનું પ્રમાણ વધારે હોવાના આક્ષેપ મલયેશિયા, હોંગકોંગ અને નેપાળે પ્રતિબંધ મૂકી દીધો છે. કેન્સર થવાની સંભાવના પેદા કરતાં જંતુનાશક કે કેમિકલ્સને કાર્સિનોજેનિક્સ કહેવાય છે તેથી આ મસાલા પર પ્રતિબંધની વાતે ભારતીયોને પણ ફફડાવી દીધા છે કેમ કે મસાલામાં કેન્સર થાય એવા કેમિકલ્સ હોય પછી બાકી જ શું રહ્યું ?

નેપાળમાં ભારતીય મસાલા પર પ્રતિબંધ તેના માટે એવું કારણ અપાયું છે કે, ભારતીય બ્રાન્ડના કેટલાક મસાલામાં કેમિકલ ઈથિલિન ઓક્સાઈડ નામના જીવલેણ જંતુનાશકનું પ્રમાણ વધારે હતું. નેપાળના ફૂડ ટેક્નોલોજી અને ક્વોલિટી કંટ્રોલ વિભાગે આ બંને બ્રાન્ડના મસાલામાં ભેળસેળના આક્ષેપોને પગલે ટેસ્ટ કર્યા હતા. આ ટેસ્ટમાં કેમિકલ ઈથિલિન ઓક્સાઈડ નામના ઝેરી કેમિકલનું પ્રમાણ અત્યંત વધારે અને હોવાનું સાબિત થતાં આ બંને બ્રાન્ડના વેચાણ, વપરાશ અને આયાત પર પ્રતિબંધ લગાવી દેવાયો છે. આ બંને બ્રાન્ડના મસાલામાં રહેલા કેમિકલની તપાસ ચાલી રહી છે. અંતિમ રિપોર્ટ આવે ત્યાં સુધી આ પ્રતિબંધ ચાલુ રહેશે.નેપાળ પહેલાં સિંગાપોર અને હોંગકોંગમાં પણ ભારતની બે ટોચની બ્રાન્ડના મસાલા પર પ્રતિબંધ મૂક્યો હતો. મહિનાની શરૂઆતમાં સિંગાપોર અને હોંગકોંગે આ બંને કંપનીઓનાં કેટલાંક ઉત્પાદનો પર પ્રતિબંધ મૂક્યો હતો. સિંગાપોર અને હોંગકોંગે બંને બ્રાન્ડના મસાલામાં બીજા એક જંતુનાશક ઈથિલિન ઓક્સાઇડની માત્રા મર્યાદા કરતાં વધી જવાને કારણે પ્રતિબંધ મૂક્યો હતો. હોંગકોંગમાં ચોક્કસ ગ્રૂપના ત્રણ મસાલા મિક્સમાં ઈથિલિન ઓક્સાઈડની ઊંચી માત્રા મળી આવી હતી. બીજી કંપનીના કરી મસાલામાં પણ આ કાર્સિનોજેનિકસ જંતુનાશક મળી આવ્યું છે.

આ અહેવાલોના પગલે બ્રિટન, ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયાએ પણ ભારતીય મસાલામાં કાર્સિનોજેનિક્સના પ્રમાણની તપાસ શરૂ કરી છે. આ બંને કંપનીઓના મસાલા સામે વિદેશમાં જ નહીં ભારતમાં પણ તપાસ ચાલી રહી છે. મસાલા બનાવતી કંપનીઓ બેક્ટેરિયા અને ફૂગના કારણે મસાલા ના બગડે માટે જંતુનાશકોનો ઉપયોગ કરે છે. ફૂગ કે બેક્ટેરિયા થઈ જાય તો મસાલા ફેંકી દેવા પડે તેથી મસાલા લાંબા સમય સુધી સારા રહે અને બગડતાં અટકે એ માટે કંપનીઓ જંતુનાશકોનો ઉપયોગ પ્રિઝર્વેટિવ્સ અથવા સ્ટરિલાઈઝિંગ એજન્ટ તરીકે કરે છે.

ભારતમાં ક્યા જંતુનાશકોનો ઉપયોગ પ્રિઝર્વેટિવ તરીકે થઈ શકે એ નક્કી કરવા માટે ઈન્સેક્ટિસાઈડ્સ બોર્ડ એન્ડ રજિસ્ટ્રેશન કમિટી (ભૈંમ્ ઈભ) છે. આ કમિટીએ કુલ ૨૯૫થી વધુ પેસ્ટિસાઈડ્સ અથવા ઈન્સેક્ટિસાઈડ્સ એટલે કે જંતુનાશકોને ખાદ્ય પદાર્થોમાં ભેળવવાની છૂટ આપી છે. તેમાંથી ૧૩૯ જંતુનાશકો મસાલામાં વાપરી શકાય છે. આંતરરાષ્ટ્રીય સ્તરે કોડેક્સ નામની સંસ્થા ફૂડ ક્વોલિટીના નિયંત્રણ માટે કામ કરે છે. કોડેક્સે કુલ ૨૪૩ જંતુનાશકોને પદાર્થોમાં ભેળવવાની છૂટ આપી છે અને તેમાંથી ૭૫નો ઉપયોગ મસાલામાં થઈ શકે છે. દરેક પેસ્ટિસાઈડ કેટલા પ્રમાણમાં મસાલામાં ઉમેરી શકાય તેનું ચોક્કસ પ્રમાણ નક્કી થયેલું છે પણ કંપનીઓ આ પ્રમાણના ધજાગરા ઉડાવીને લોકોને કેન્સરની ભેટ આપી રહી છે એવું આ પ્રતિબંધો પરથી લાગે છે.

ભારતના ખાદ્ય સુરક્ષા નિયમનકાર એટલે ભારતમાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તા પર નિયંત્રણનું કામ કરતી ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ખજીજીછૈ) એ મોડા મોડા પણ જાગીને તમામ મસાલાના ટેસ્ટ શરૂ કર્યા છે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ સમગ્ર ભારતમાં મસાલાના ૧,૫૦૦ થી વધુ નમૂના લીધા છે અને તેની તપાસ કરી રહી છે. સરકારનું કહેવું છે કે, આ બધા સેમ્પલ ટેસ્ટમાં પાસ નહીં થાય તો કંપનીઓના ઉત્પાદનોના લાઈસન્સ રદ થઈ શકે છે. કેન્દ્ર સરકારનું વલણ યોગ્ય છે કેમ કે લોકોને કેન્સરની ભેટ આપે એવા મસાલા તો ના જ ખાવા દેવાય ને ?

કેન્દ્ર સરકારે આવું વલણ લેવું પડ્યું કેમ કે આ મસાલામાં કેમિકલના મામલે વાડ જ ચીભડાં ગળતી હોય એવો ઘાટ છે. મતલબ કે, ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા જ શંકાના દાયરામાં છે. ઓથોરિટી સામે પણ એવા આક્ષેપ થયા જ છે કે, મસાલા અને બીજી આયુર્વેદિક ઔષધિઓમાં નક્કી કરેલાં ધોરણ કરતાં ૧૦ ગણા વધુ જંતુનાશકો ઉમેરવાની મંજૂરી ઓથોરિટી જ છે. એફએસએસએઆઈએ આ વાતને ખોટી ગણાવી છે પણ આ આક્ષેપ સાચો હોય તો અત્યંત ગંભીર કહેવાય ને કેન્દ્ર સરકારે તાત્કાલિક આખી બોડીને જ સસ્પેન્ડ કરીને પોતાના હાથમાં સંચાલન લઈ લેવું જોઈએ.

હમણાં પતંજલિના રામદેવ અને બાલકૃષ્ણ દ્વારા આયુર્વેદના નામે ચલાવાતા લોલેલોલને મામલે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલે જ છે ત્યાં મસાલાઓની મગજમારી શરૂ થઈ તેના પરથી સ્પષ્ટ છે કે, ભારતમાં કંપનીઓને લોકોના આરોગ્યની કંઈ પડી નથી અને પૈસા કમાવવા માટે ગમે તે હદે જઈ શકે છે. લોકોને કેન્સર થાય કે બીજી કોઈ રીતે મરી જાય, કંપનીઓને કશાની પડી નથી, તેમનાં ઘર ભરાવાં જોઈએ.

ભારતમાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળની વાત નવી મસાલામાં પણ જાત જાતની વસ્તુઓની ભેળસેળ કરાય છે એ સૌને ખબર છે પણ કેન્સર આપે એવાં કેમિકલ્સની ભેળસેળ તો લોકોનાં જીવન સાથે સીધાં ચેડાં છે. ભારતમાં લોકો મસાલા ખાધા વિના રહી શકતા નથી. દાળ-શાક નહીં પણ બીજી વાનગીઓમાં પણ હવે તો બજારના તૈયાર મસાલા જ વપરાય છે પણ આ કેન્સર માટે જવાબદાર કેમિકલ્સ હોય તેનો મતલબ એ થાય કે લોકો ધીમું ઝેર ખાઈ રહ્યાં છે. આ ઝેર પાછું એવું છે કે લોકોને કલ્પના પણ ન આવે. સામાન્ય દાળ-શાક, કઢી કે ભાજી ખાવાથી કેન્સર થઈ જાય એવી કલ્પના કોને હોય ? અને તેનાથી બચવું હોય તો ખાવાનું બંધ કરવું કે જે શક્ય નથી. આ મુદ્દો અત્યંત ગંભીર છે અને તેને ગંભીરતાથી લેવો જોઈએ. બીજી ભેળસેળ તો સરકાર રોકી શકતી નથી પણ કમ સે કમ આ ઝેરની ભેળસેળ તો રોકવી જ જોઈએ.

# સનાળામાં યુવતિએ પરિક્ષાની ચિંતામાં ઝેરી દવા પી જતાં મોત

## કોલેજના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીએ ભરેલ પગલું

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) સનાળા ગામે રહેતી માનસીબેન દિલીપભાઈ જોષી ઉ.વ.૧૯ કોલેજના પ્રથમ વર્ષમાં બીસીએનો અભ્યાસ કરતી હોય તે પરિક્ષાની ચિંતાને કારણે પોતે પોતાની મેળેજ ઝેરી દવા પી જતાં મોત નિપજયાનું પિતા દિલીપભાઈ વિનુભાઈ જોષીએ વડિયા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા. ૨૧.૫.૨૦૨૪ મંગળવાર ,સંવંત ૨૦૮૦ વૈશાખ સુદ તેરસ, સ્વાતિ નક્ષત્ર , વ્યતિપાત યોગ, ગર કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ તુલા (ર,ત) રહેશે.

### મંગળ અને રાહુની યુતિ નજીક આવતા ઇલેક્ટ્રીક ઉપકરણો અને ફોલ્ટની સમસ્યાઓ જોવા મળશે

અગાઉ અત્રે લખ્યા મુજબ મંગળ રાહુ યુતિ જયારે ખુબ નજીક આવી ત્યારે જ ઈરાનના રાષ્ટ્રપતિ, મંત્રી અને ગવર્નર સહીત ૯ લોકોના હવાઈ દુર્ઘટનામાં પહાડીઓ વચ્ચે મૃત્યુ થયા છે જે વિષે અત્રે લખેલું કે દિગ્ગજ લોકો, હાઈ પ્રોફાઈલ લોકો અને સત્તા પર રહેલા લોકોને આ સમયમાં વધુ તકલીફ જોવા મળે વળી આ સમયમાં મોટી મોટી દુર્ઘટનાઓ પણ સામે આવી રહી છે તો મંગળ એ વીજળી છે જયારે રાહુ તેમાં અવરોધ ઉભા કરે છે જે અવકાશી વીજળી



થી લઈને ઈલેક્ટ્રિક સર્કિટ શોટ કરવાનું કામ પણ કરે છે! આ સમયમાં વિદ્યુત ઉપકરણો બળવાનું કે બગડવાનું વિશેષ બને અને વાયરિંગમાં ફોલ્ટ પણ આવે. જો કે રાહત ની વાત એ છે કે હવે મંગળ મહારાજ રાહુથી ધીમે ધીમે દૂર થાય છે માટે ગ્રહ યુદ્ધ હળવું પડશે પરંતુ તો પણ આ સમયમાં કુદરતી આપદાઓ થી લઈ ને માનવસર્જિત સમસ્યા ઓ અને અંદરોઅંદર લડવાની વૃત્તિ વિશેષ જોવા મળશે! મીન રાશિ વેરાન પર્વતો નો ની રાશિ ઈંગિત કરે જ્યાં નવાજુની થયા કરે.

### મંગળ એ વીજળી છે જયારે રાહુ તેમાં અવરોધ ઉભા કરે છે

મેષ (અ,લ,ઈ) : તમારા મનમાં રહેલી કોઈ ઈચ્છા પૂરી થાય, જાહેરજીવનમાં સારું રહે. એક સાથે ઘણા લોકોને મળવાનું થાય.
વૃષભ (બ,વ,ઉ) : કામકાજમાં વ્યસ્તતા રહે , મનમાં થોડી અશાંતિ જોવા મળે, બેચેની જેવું લાગ્યા કરે , મધ્યમ દિવસ.
મિથુન (ક,છ,ઘ) : પ્રણયમાર્ગે આગળ વધી શકો, પ્રિયપાત્ર થી મુલાકાત થાય, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.
કર્ક (ડ,હ) :તમામ ભૌતિક સુખ સગવડ મળે, દિવસ આરામદાયક રહે. સ્ત્રીવર્ગને સારું રહે. વેપારીવર્ગને મધ્યમ.
સિંહ (મ,ટ) : રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, નવા કાર્યમાં આગળ વધી શકો. ગણતરીપૂર્વકના સાહસમાં લાભ થાય.
કન્યા (પ ,ઠ ,ણ ) : તમારા સૌમ્ય વાણી વર્તન થી લાભ થાય, લોકો તમારી સલાહ માને અને આદર આપે , આગળ વધી શકો.
તુલા (ર,ત) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, કલા સંસ્કૃતિમાં રસ લઈ શકો ,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.
વૃશ્ચિક (ન ,ય ) : ખર્ચ પર અંકુશ રાખવો, બિનજરૂરી નાણાંનો વ્યય ના કરવા સલાહ છે, પૈસા નું આયોજન કરવું જરૂરી છે.
ધન (ધ ,ભ ,ફ ,ઢ ): સગા સ્નેહી મિત્રો થી સારું રહે, અન્યની મદદ થી કાર્ય પૂર્ણ થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
મકર (ખ ,જ ) : કામકાજ માં સફળતા મળે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો, મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.
કુંભ (ગ ,સ,શ ) :અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથ માં આવે, પ્રગતિ થાય.
મીન (દ ,ચ ,ઝ ,થ):માનસિક ટેન્શન રહ્યા કરે, કામ માં રુકાવટ આવતી જોવા મળે, અણધાર્યા પ્રશ્નો નું નિરાકરણ કરવામાં સમય વીતે.

### લાઇટ રિપેરીંગ કરવાના પ્રશ્ને

# અમરેલી સુળીયા ટીંબા પાસે પાડોશી વચ્ચે બઘડાટી

## છુટી ઇંટના ઘા કરાયા : સામસામી પોલીસ ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) અમરેલી સુળીયાટીંબા પેટ્રોલ પંપ સામે દિનેશભાઈ વિઠલભાઈ ડાભી ઉ.વ.૪૦ના ઘરે પીજીવીસીએલ લાઈટ રીપેર કરવા આવેલ હોય. જેથી પહેલા મારા ઘરે રિપેર કરી જાવ તેવું જણાવી અરવિંદ નારૂભાઈ, પ્રવિણ ઉર્ફે ભાદો, લખુબેન નારૂભાઈ ચારોલીયા, મહેશ ઉર્ફે ભુગો ભાવનાબેન અરવિંદભાઈ, કોમલબેન પ્રવિણભાઈ ચારોલીયાએ ગાળો બોલી વારાફરતી આવી છુટી ઈંટોના ઘા કરી ઈજા કરી એકબીજાએ મદદગારી કરી હથિયારબંધી જાહેરનામાનો ભંગ કર્યાની અમરેલી સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામા પક્ષે અરવિંદભાઈ ઉર્ફે દુડીયો નારૂભાઈ ચારોલીયા ઉ.વ.૨૮ને દિનેશ ડાભીનો મોટો ભાઈ, દિનેશ ડાભી, દિનેશનો મોટો દિકરો મૌલીક તથા બીજો દિકરો ગાળો બોલી ઈંટ વડે જમણા પગે ગોઠણના ભાગે ઈજા કરી ચારમાંથી એક પેટમાં પાટુ મારી એકબીજાએ મદદગારી કરી હથિયારબંધી જાહેરનામાનો ભંગ કર્યાની અમરેલી સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### દેશી દારૂનું વેચાણ બંધ કરાવવા અરજી કરતા મનદુઃખ રાખી

# જાફરાબાદ નજીક વડલી ગામે સીમમાં બે જુથ વચ્ચે ધિંગાણુ

## ત્રણ શખ્સોએ પાઇપ લાકડી વડે મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) જાફરાબાદ તાલુકાની સીમમાં કેશુભાઈ કુંભાભાઈ સાંખટ ઉ.વ.૪૦ એ મહેશ હિરાભાઈ બારૈયા દેશીદારૂનું વેચાણ કરતો હોય તે બંધ કરાવવા તેના વિરૂધ્ધમાં અરજી આપેલ હોય. જે મનદુઃખ રાખી મહેશ હિરાભાઈ બારૈયાએ કેશુભાઈના માથામાં પાઈપનો ઘા મારી શરીરે આડેધડ મુંઢ ઈજા કરી રવેસિંગ મેઘાભાઈ બારૈયાએ પાઈપ વડે તથા પતુ કાળુભાઈ ભીલે લાકડી વડે આડેધડ મારમારી મુંઢ ઈજા કરી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી ત્રણેય આનંદભાઈ વચ્ચે પડતા લોખંડના પાઈપ તથા ઢીકાપાટુ વડે મારમારી એકબીજાએ મદદગારી કરી હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યાની નાગેશ્રી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામા પક્ષે રવેસિંગભાઈ મેઘાભાઈ બારૈયા ઉ.વ.૩૬ને કેશુ કુંભાભાઈ સાંખટે જુના મનદુઃખના કારણે ગાળો બોલી મુંઢમારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યાની નાગેશ્રી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### યુવતિએ લીવ ઇન રિલેશન શીપનો કરાર કરતાં

# વડલીમાં પ્રૌઢને છરી બતાવી ધમકી આપી

## બે શખ્સોએ ઘરમાં અપ પ્રવેશ કરી મારવા દોડી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) જાફરાબાદ તાલુકાના વડલી ગામે રહેતા મેઘજીભાઈ મસરીભાઈ સરવૈયાના દિકરા સંદિપે તા.૯-૩-૨૪ના તેમની જ્ઞાતિની યુવતિ સાથે લીવીઈન રિલેશન શીપનો કરાર કરી મેઘજીભાઈના દિકરા સાથે રહેતી હોય. અને બાદ રામસિંહ બીજલભાઈ ભજગોતર રહે. બોળાસ તા. વેરાવળ જી.ગીરસોમનાથવાળા એ સામાધાન કરી તેની દિકરીને ઘરે મુકી ગયેલ હતાં. તેમ છતાં રામસિંહ બિજલભાઈ ભજગોતર બિન્દુને માનસિક દુઃખ ત્રાસ કરી હેરાન પરેશાન કરતાં હોય અને બિંદુને મેઘજીભાઈના દિકરા સાથે રહેવું હોય. જેથી આરોપીઓ તેને મેઘજીભાઈના ઘરે મુકી જઈ તેવું વાતનું મનદુઃખ રાખી તા.૧૯-૫-૨૪ના બાઈક લઈ મેઘજીભાઈના ઘરમાં અપ પ્રવેશ કરી રામસિંહે લાકડી લઈ મારવા દોડી છરી બતાવી મહેશ ઉર્ફે કાળીયો બાબુભાઈ ભજગોતરે ગાળો બોલી જાનથી મારી નાખવા ધમકી આપી એકબીજાએ મદદગારી કરી હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યાની નાગેશ્રી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# જાફરાબાદ નજીક રોહિશા ગામે સરપંચ અને સભ્યોને ધમકી આપી

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) જાફરાબાદ તાલુકાના રોહિશા ગામે ગ્રામ પંચાયતના સરપંચ જીતુભાઈ લખમણભાઈ મકવાણા તથા સભ્યોને રેશનીંગની તપાસ અરજીના પ્રશ્ને તેના જ ગામના રાકેશ ભીમાભાઈ વાઘેલાએ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી ધકકો મારી પછાડી દઈ છરી બતાવી હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યાની જાફરાબાદ મરીન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# બગસરામાં પાડોશીઓ વચ્ચે મારામારી

## ઢીકાપાટુનો મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર) બગસરા ઘનશ્યામભાઈ સોલંકીના ઘર પાસે જીજ્ઞેશભાઈ વસંતભાઈ કુંભાર ઉ.વ.૩૧ને ઘનશ્યામ કાળુભાઈ સોલંકીએ કહેલ કે ગઈકાલે સાંજે મારા ઘરે શા માટે આવેલ હતાં. જેથી ઉશ્કેરાઈ કાંઠલો પકડી ઢીકાપાટુ વડે મારમારી જીજ્ઞેશભાઈના મોટાબાપુના દિકરા અનિલભાઈ છોડાવવા વચ્ચે પડતા તેને ધકકો મારતા ડાબા પગે ઈજા કરી જીજ્ઞેશભાઈને ધમકી આપ્યાની બગસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે .જયારે સામા પક્ષે ઘનશ્યામભાઈ કાળુભાઈ સોલંકી ઉ.વ.૩૫ને જીજ્ઞેશ વસંતભાઈ કુંભાર, અનિલ ભીખુભાઈ કુંભાર ઉશ્કેરાઈ ઢીકાપાટુનો મારમારી દાદી સાકરબેન ઘનશ્યામભાઈને છોડાવવા વચ્ચે પડતા જીજ્ઞેશે ધકકો મારી મુંઢ ઈજા કરી ઘનશ્યામભાઈને ધમકી આપ્યાની બગસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# લીલીયાના કુતાણા ગામમાં જાહેરમાં જુગાર રમતા ત્રણ શકુનીઓ ઝડપાયા

## જુગારના પટ્ટમાંથી પોલીસે રોકડ રૂા.૧૦૪૫ કબ્જે કર્યા

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) લીલીયા તાલુકાના કુતાણા ગામે જાહેરમાં હારજીતનો જુગાર રમતા સારા મોતિભાઈ પરમાર, સંજય કાળુભાઈ પરમાર, દદુ કાવાભાઈ પરમારને પો.કોન્સ. નારણભાઈ બાવડાએ રોકડ રૂા.૧૦૪૫ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં.

# અમરેલીના લાઠી રોડે રેલ્વે ટ્રેક ઉંચો લેવાતા વરસાદી પાણીનો ભરાવો : નિકાલની વ્યવસ્થા કરવા માટે માંગ

## બ્રાહ્મણ સોસાયટીમાં રહેતાં પાલિકાના પુર્વ સદસ્ય દ્વારા કલેકટરને રજુઆત

અમરેલી, હાલમાં રેલ્વેનું કામ ચાલુ હોય લાઠીરોડ રેલ્વે ફાટકથી બ્રાહ્મણ સોસાયટી તરફ જતાં માર્ગ ઉપર આવેલ રામનગર શેરી નં.૧ થી ૯ મધુવન પાર્ક, સ્વામિનારાયણ નગર-૧ તથા ૨, ગોપાલ નગર ૧ તથા ૨, શિવનગર, રામાણી નગર જેવા અનેક રહેણાંક વિસ્તાર આવેલ હોય અને તમામ વિસ્તારની અંદાજીત પાંચ હજાર જેટલી વસ્તી આવેલ છે. તેમજ આ તમામ મોટા વિસ્તારમાં જવા માટેનો એક જ માર્ગ છે, જે માર્ગ પર રેલ્વે ટ્રેક ઉંચો લેવાથી ખુબ જ બહોળા પ્રમાણમાં વરસાદી પાણી ભરાય તે છે. તો વરસાદી પાણીના નિકાલ કરવાની જરૂરી વ્યવસ્થા કરવા બ્રાહ્મણ સોસાયટી વોર્ડ નં. ઉના અમરેલી નગરપાલિકાના પુર્વ સદસ્યા ભાવનાબેન રોહિતભાઈ રાઠોડ દ્વારા કલેકટરશ્રીને રજુઆત કરી છે. જેની નકલ ધારાસભ્ય અને નાયબમુખ્ય દંડક શ્રી કૌશિકભાઈ વેકરીયાને મોકલી આપેલ છે.

# પીપાવાવ મરીન પો.સ્ટેના ગુનામાં નાસતા ફરતા આરોપીને રાજસ્થાનથી દબોચી લીધો

## રાજુલા પોલીસે બે ટીમો બનાવી ટેકનિકલ સ્ત્રોત તથા ખાનગી બાતમીના આધારે ઝડપી પાડયો

રાજુલા, પીપાવાવ મરીન પો.સ્ટે ના ગુન્હામાં વોન્ટેડ આરોપી મહેશભાઈ મારવાડી છેલ્લા ત્રણ ચાર મહિનાથી પોતાની ધરપકડ ટાળતો હોય અને રાજસ્થાન રાજયનો રહેવાસી હોય અને આજદિન સુધી પકડવાનો બાકી હોય જે અન્વયે રાજુલા



પો.સ્ટે.ના પો.ઈન્સ. આઈ.જે.ગીડાની સુચના અને માર્ગદર્શન હેઠળ રાજુલા પોલીસ સ્ટેશનમા બેટીમો બનાવી આરોપીને પકડી પાડવા ટેકનીકલ સ્ત્રોત ના આધારે તથા ખાનગી બાતમી આધારે તપાસ કરતા કરાવતા આ કામનો આરોપી મહેશભાઈ મારવાડી હાલ સુરેન્દ્રનગર ચોટીલા - સાયલા પાસે હોવાની ખાનગી હકીકત મળતા આરોપી મહેશભાઈ મારવાડીને ચોટીલા સાયલા હાઈવે રોડ પર આવેલ હોટલ પરથી પકડી પાડી રાજુલા પોલીસ સ્ટેશન લાવી ઉપરોકત ગુન્હાના કામે ધોરણસર કાર્યવાહી રાજુલા પોલીસ ટીમે કરી હતી.

### એએચપીનાં સૌરાષ્ટ્ર અધ્યક્ષનો ચોંકાવનારો આક્ષેપ

# અમરેલીમાં ડ્રગસનાં સંખ્યા બંધ વ્યસનીઓ : ડો. જી. જે. ગજેરા

## બંધાણીઓને ડ્રગ્સ અમરેલીમાંથી જ મળતુ હોવાની પુરૂ શક્યતા : પોલીસ તંત્ર છુપી રીતે તપાસ કરે

અમરેલી, આજકાલ આપણે પેપરમાં વાંચીએ છીએ કે ગુજરાતરાજ્યમાંથી કરોડોના નશાકારક પદાર્થ સરકારી તંત્ર દ્વારા પકડાય છે. આમા અમરેલી પણ બાકાત નથી. અમરેલીમાં પણ જે લોકો આના વ્યસની હોય છે તેઓ ગમે ત્યાથી આવા નશીલા પદાર્થો મેળવી લેછે અને તેનું સેવન કરે છે અને આ રીતે આપણુ યુવાધન બધી રીતે બરબાદ થઈ જાય છે. યુવાવર્ગને પણ ખબર છે કે, આવા પદાર્થોનું સેવન કરવાથી કેવી બરબાદી થાય છે. છતા સહેલાઈથી મળતુ હોવાથી તેની ટેવ પડી જાય છે અને તેમા વ્યસની થઈ જાય છે અને તે લીધા વગર ચાલતુ નથી. ખરેખર આ માટે સમાજે અને ખાસ કરીને યુવાવર્ગના વડીલોએ આ બાબતે સાવચેતી રાખીને પોતાના પુત્ર-પુત્રીઓને આવા રવાડે ચડતા નથી તેનું કાયમી ધ્યાન રાખવું જોઈએ. થોડા સમય પહેલા આવા નશીલા ડ્રગ માટ અમરેલીની એક મોટી કોલેજની હોસ્ટેલમાં પોલીસ દ્વારા દરોડો પાડવામાં આવેલ હતો પરંતુ કોઈ અકળ કારણોસર કાંઈ મળતુ નહોતુ તેમ તેમનું કહેવું છે. આપ સૌ જાણીએ છીએ કે કેમ નહીં મળ્યું હોય. જો ગંભીરતા પુર્વક તપાસ થઈ હોત તો ઘણો મુદ્દામાલ મળત. હજુ આજની તારીખે પણ ડ્રગનું સેવન ચાલુ જ છે. એમ સુત્રોમાંથી જાણવા મળેલ છે. જો પોલીસતંત્ર છુપી રીતે એ વિસ્તારમાં રાત્રીનાં તપાસ કરે તો ત્યા ઘણુ બધુ મળે તેમ છે અને બીજી અસામાજીક પ્રવૃતિ પણ જાણવા મળશે. અમરેલીમાં પણ અત્યારે હજારોની સંખ્યામાં આના વ્યસની હશે અને આ બધુ અમરેલીમાંથી જ મળી રહેતુ હોવું જોઈએ એમ મારૂ માનવું છે. જો નિષ્ઠાપુર્વક આવા અડ્ડા ઉપર દરોડો પાડે તો ઘણી જગ્યાએ આ મળશે. જો આમને આમ કોઈ પણ કંટ્રોલ નહીં રહે તો અમરેલીમાં ઉડતા પંજાબની હરોળમાં મુકાઈ જશે એમા કોઈ શંકા નથી અને પછી તેને કંટ્રોલ કરવું અશક્ય બનશે. તેમ એએચપીનાં સૌરાષ્ટ્ર અધ્યક્ષ અને અમરેલીનાં સેવાભાવી તબીબ ડો.જી.જે.ગજેરાએ એક યાદીમાં જણાવ્યું છે.

# અમરેલીના સારહિ તપોવન આશ્રમમાં આઇસ્ક્રીમ ખવડાવી પુણ્યતિથી ઉજવી

## સ્વ. બાબુભાઇ પાથરની પુણ્યતિથી નિમિતે આયોજન



અમરેલી, સેવાને સરનામે–ઉમળકા સાથે તા. ૧૮-૦૫-૨૦૨૪ નાં રોજ સ્વ. બાબુભાઈ પાથર ની પુણ્યતિથિ નિમિતે તેમનાં સુપુત્ર ષિભાઈ બાબુભાઈ પાથર તરફથી સારહિ યુથ ક્લબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમ ના તપસ્વીશ્રીઓ ને આઈસ્ક્રીમ ખવડાવેલ પાથર પરીવાર ઉપસ્થિત રહ્યું હતું સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી સંસ્થા ની પ્રગતિ અંગે સારહી તપોવન આશ્રમ નાં સ્વપ્ન દ્રષ્ટા - પ્રમુખશ્રી મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવારને શુભકામનાઓ પાઠવી. સારહિ પરિવાર વતી હૃદય પૂર્વક આભાર માનવામાં આવેલ.

# ફાટસર પ્રાથમિક શાળાના વિદ્યાર્થી જ્ઞાનસેતુ ૨૦૨૪માં તાલુકા પ્રથમ

ઉના, વર્ષ ૨૦૨૪માં લેવાયેલ જ્ઞાનસેતુ પરીક્ષા માં ગીર ગઢડા તાલુકા ની ફાટસર પ્રાથમિક શાળા નો વિદ્યાર્થી પ્રિન્સ મયુરભાઈ પટેલ એ ૧૦૮ માર્કસ મેળવી તાલુકા માં પ્રથમ ક્રમાંક મેળવેલ છે. કુલ ૨૬ બાળકો માંથી ૧૦ જેટલા બાળકો એ ૬૦% કરતા વધુ માર્કસ મેળવેલ છે. શાળા પરિવાર તમામ બાળકો ને ખુબ ખુબ અભિનંદન પાઠવે છે. કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષા કે અન્ય શાળાકીય પ્રવૃત્તિ માં ફાટસર શાળા ના બાળકો અગ્રેસર હોય છે તે બદલ આચાર્ય દ્વારા સમગ્ર શિક્ષકો ને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૯૧૭ થી ૧૫૧૫ મગફળી ૮૯૯ થી ૧૨૩૫

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૮૯૫-૧૨૧૯
શિંગમોટી-૮૯૯-૧૨૩૫
ધાણી-૧૧૬૦-૧૭૭૦
તલસફેદ-૧૦૫૦-૩૧૦૦
તલકાળા-૧૩૩૦-૩૩૩૫
એરંડા-૯૫૦-૧૦૬૯
ઘઉંટુકડા-૪૫૫-૬૪૫
ઘઉંલોકવન-૪૬૫-૫૭૬
મરચાલાંબા-૮૮૦-૧૮૪૦
ચણા-૯૩૦-૧૨૬૭
કપાસ-૯૧૭-૧૫૧૫
તુવેર-૧૨૦૦-૨૦૯૦
જીરૂ-૨૨૦૦-૬૪૩૦
ધાણા-૧૦૦૦-૧૬૭૫
સોયાબીન-૮૧૨-૮૬૫
અજમા-૧૭૯૦-૨૫૧૦
વરીયાળી-૫૬૦-૧૨૪૦

**અમરેલી શાકભાજી**
બટેટા-૪૨૦-૪૮૦
રીંગણા-૩૦૦-૪૦૦
ફલાવર-૪૨૦-૫૨૦
કોબીઝ-૨૦૦-૨૬૦
ટમેટાં-૩૦૦-૪૫૦
વટાણા-૧૬૦૦-૧૮૦૦
ગાજર-૨૫૦-૩૧૦
ગલકા-૨૨૦-૩૨૦
કાકડી-૨૧૦-૩૧૦
ગુવાર-૫૦૦-૭૦૦
દુધી-૧૪૦-૧૯૦
તુરીયા-૬૦૦-૭૦૦
ભીડો-૪૦૦-૫૦૦
આદુ-૨૪૦૦-૨૬૦૦
કોથમીર-૨૦૦-૩૦૦
મેથીભાજી-૫૦૦-૬૦૦
ટીંડોરા-૨૦૦-૪૦૦
લીમડોમીઠો-૧૩૦-૧૮૦
મરચાલીલા-૨૧૦-૭૧૦
મકાઈ-૪૨૦-૫૨૦
લીંબુ-૮૦૦-૧૦૦૦
પાલક-૪૦૦-૫૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૩૫૦-૫૧૦
જુવાર-૪૦૦-૯૦૦
ઘઉં-૪૬૦-૫૩૦
મેથી-૮૦૦-૮૦૦
ચણા-૭૦૦-૧૨૬૧
મકાઈ-૪૨૧-૪૬૪
મગ-૧૩૦૧-૧૮૩૧
શીંગ-૧૦૭૦-૧૧૭૦
કપાસ-૧૦૦૧-૧૪૬૭
તલસફેદ-૨૫૭૧-૨૭૯૧

**મહુવાયાર્ડ**
ઘઉં-૪૩૩-૬૨૫
ડુંગળીલાલ-૧૫૦-૩૦૩
ડુંગળીસફદે-૨૪૨-૩૨૨
તલસફેદ-૨૨૦૧-૨૯૭૧
તુવેર-૮૮૮-૨૪૦૦
જીરૂ-૫૩૯૯-૬૦૭૮
ચણા-૮૨૫-૧૨૫૯
નાળીયેર-૫૨૨-૧૮૪૮
મેથી-૭૨૫-૯૪૦
કપાસ-૧૦૯૩-૧૪૪૦
મગ-૧૧૦૦-૧૮૧૨

**બાબરા**
કપાસ-૧૨૫૦-૧૪૮૫
મગ-૧૪૭૦-૧૭૮૦
ચણા-૧૧૭૦-૧૨૮૦
ઘઉં-૪૬૯-૫૭૧
એરંડા-૯૫૫-૯૯૫
જીરૂ-૪૨૨૫-૬૨૭૫
મગફળી-૧૧૪૨-૧૧૫૮
તલકાળા-૨૫૮૫-૩૨૧૫

**ધારી**
કપાસ-૧૨૭૬-૧૨૭૬
તલસફેદ-૨૩૯૦-૨૭૫૦
શીંગદાણા-૧૩૭૫-૧૫૯૬
એરંડા-૧૦૭૭-૧૦૭૩
ચણા-૧૨૨૬-૧૨૦૦
ઘઉં-૩૫૦-૫૧૬
સફેદચણા-૧૫૯૫-૧૫૯૫
મેથી-૧૨૦૦-૧૨૬૫
સોયાબીન-૭૭૦-૭૭૦

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૧૫૧-૧૨૩૧
તલસફેદ-૨૫૦૦-૨૮૬૭
જીરૂ-૫૮૦૦-૬૬૫૦
તુવેર-
કપાસ-૧૩૦૦-૧૪૯૦
ઘઉં-૪૨૫-૫૬૧
એરંડી-૧૦૦૦-૧૦૭૧
મગ-૧૬૫૧-૧૮૮૬
ચણા-૧૧૫૦-૧૨૬૦
રાય-૮૫૦-૯૮૯
જુવાર-૪૦૦-૮૨૯

**ખાંભા**
કપાસ-૧૩૦૦-૧૪૬૫
જુવારપીળી-૪૦૦-૪૦૦
ધાણા-૮૫૦-૮૫૦
એરંડા-૧૦૦૧-૧૦૪૨
તલસફેદ-૨૪૦૦-૨૭૭૬
મેથી-૧૦૩૦-૧૦૩૦
જીરૂ-૫૬૩૫-૫૬૩૫

**બગસરા**
કપાસ-૧૧૦૦-૧૪૫૦
સોયાબીન-૮૧૧-૮૩૮
તલસફેદ-૨૨૦૫-૨૭૪૦
ઘઉંલોકવન-૪૦૦-૫૧૮
ઘઉંટુકડા-૪૨૨-૪૯૮
ડુંગળી-૭૧-૭૧
ચણા-૯૦૦-૧૧૭૩
શીંગફાડા-૧૫૦૦-૧૫૫૦
અડદ-૧૭૩૫-૧૭૩૫
તુવેર-૧૦૧૫-૧૦૧૫
મેથી-૯૨૦-૯૨૬

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૩૦૦-૫૦૦
દાડમ-૧૪૦૦-૧૮૦૦
મુસંબી-૬૦૦-૧૧૦૦
સંતરા-૧૬૦૦-૨૧૦૦
કીવી-૪૦૦૦-૫૫૦૦
ડ્રેગન ફ્રુટ-૧૭૦૦-૨૪૦૦
કેરી-૧૦૦૦-૨૨૦૦
ટેટી-૨૦૦-૪૦૦
કેળા-૩૦૦-૫૫૦
પોપૈયા-૪૦૦-૬૦૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૨૪૦૦-૩૬૦૦
અનાનસ-૧૪૦૦-૧૮૦૦

**લીલીયા**
કપાસ-

### અમરેલી આજનુ તાપમાન

મહ ામ તાપમાન ૪૪.૬
ન્યુનતમ તાપમાન ૨૮.૨
ભેજનું પ્રમાણ ૭૦
પવનની ગતિ સરેરાશ-૧૦.૮

## અમરેલી પરજીયા સોની અગ્રણી શ્રી પરેશભાઇ થડેશ્વર પરિવારમાં શુભ અવસર

# અમરેલીના શ્રી પરેશભાઇ થડેશ્વર પરિવારમાં સગાઇવિધી

**શ્રીમતી કિરણબેન અને શ્રી પરેશભાઇ થડેશ્વરના સુપુત્ર ચિ. પાર્થની સગાઇવિધી શ્રીમતી કિંજલબેન અને શ્રી પ્રવિણભાઇ ધકાણની સુપુત્રી ચિ. વૈભવી સાથે યોજાઇ**

**રાજકોટ ખાતે શ્રી મોહનભાઇ હોલમાં શ્રી થડેશ્વર અને શ્રી ધકાણ પરિવારના મિત્રો સ્નેહીઓ અને વેપારી આગેવાનોની ઉપસ્થિતિમાં ભવ્ય રીતે સગાઇવિધી સંપન્ન થઇ**







અમરેલી,

અમરેલી પરજીયા સોની અગ્રણી શ્રી પરેશભાઈ થડેશ્વર પરિવારમાં શુભ અવસર આવ્યો હતો અને ચિ.પાર્થની સગાઈ વિધી રાજકોટ ખાતે યોજાઈ હતી.

અમરેલીના શ્રીમતી કિરણબેન અને શ્રી પરેશભાઈ થડેશ્વરના સુપુત્ર ચિ. પાર્થની સગાઈવિધી શ્રીમતી કિંજલબેન અને શ્રી પ્રવિણભાઈ ધકાણની સુપુત્રી ચિ. વૈભવી સાથે યોજાઈ હતી. આ પ્રસંગે રાજકોટ ખાતે શ્રી મોહનભાઈ હોલમાં શ્રી થડેશ્વર અને શ્રી ધકાણ પરિવારના મિત્રો સ્નેહીઓ અને વેપારી આગેવાનોની ઉપસ્થિતિમાં ભવ્ય રીતે સગાઈવિધી સંપન્ન થઈ હતી.

---

### સારહી યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત

## અમરેલી સારહિ તપોવનમાં ગાયત્રી યજ્ઞ યોજાયો

**આશ્રમના તપસ્વીઓએ પણ આહુતિ આપી**



અમરેલી,

સારહી યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત 'નિરાધાર નો આધાર'સારહિતપોવનઆશ્રમખાતેતા.૧૯/૦૫/૨૦૨૪ નાં રોજ લાઈન્સ એન્જિનિયર કેપ્ટન દર્શ જોષી ,જય ગાઠાણી, તીર્થ દેસાઈ,ચિંતનપાંડવ,જયજમોડસહિતસમગ્ર ટીમને ગાયત્રી યજ્ઞ મા બેસવાનો લાભ મળ્યો અને યજ્ઞ વિધી કરેલ સારહી તપોવન આશ્રમ માં રહેતા તપસ્વીઓ એ પણ યજ્ઞ મા આહુતિ આપી. (ગાયત્રી પરિવાર માંથી શ્રી બિપીનભાઈ ભરાડ તથા શ્રી અશ્વિનભાઈ એ ગાયત્રી યજ્ઞ કરાવ્યો) સારહી પરિવાર વતી હૃદયપૂર્વક આભાર માનવામાં આવેલ.

---

## પીપાવાવ પોર્ટ નજીક નાઇટ પેટ્રોલિંગ દરમ્યાન ફોરેસ્ટર ઉપર સિંહ પાઠડાનો હુમલો : ઇજા

**સિંહે પગમાં ભટકા ભરતા રાજુલા સરકારી દવાખાને ખસેડાયા**



રાજુલા,પીપાવાવ પોર્ટ વિસ્તારમાં બે દિવસ પહેલા મૃતકસિંહણની ડેડબોડી મળી ત્યારબાદ વનવિભાગ દ્વારા ધ્વનિશ પેટ્રોલિંગ રેસ્ક્યુ હાથ ધરવામાં આવ્યું હતું. ગઈ રાત્રીના બે થી ત્રણ વાગ્યાના ગાળામાં બે ફોરેસ્ટર ગાર્ડ સહિતની ટીમ દ્વારા પીપાવાવ પોર્ટના તળાવ આજુબાજુ બાવળની ગાડીમાં પેટ્રોલિંગ નાઈટમાં કરતા હતા ત્યારે એક નાના પાટડા સિંહે ઓસીનતા ફોરેસ્ટર અમરૂભાઈ વાવડીયા ઉપર પાછળથી હુમલો કરી પગમાં બસ કા મટકા ભરતા ઈજા કરતા લોહી હાલતમાં રાજુલા સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાંઆવ્યા હતા. જ્યાં તેની સારવાર લીધા બાદ આજે તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી આમ અવારનવાર સિંહોને સુરક્ષા માટે ધનિશ પેટ્રોલિંગ નાઈટ માં શરૂ કરતા આ બનાવ બન્યો હોવાનું વન વિભાગના ઈન્સારપી આર એ ઓ બીડી વેલારીએ જણાવ્યુંહતું.

---

## રાજુલા લોહાણા સમાજના પરિવારની ખાનદાની

**સોનાનું પેડલ મળી આવતા મુળ માલિકને પરત કરી પ્રમાણિકતા દાખવી**



રાજુલા,ખાંનદાની ક્યાંય વેચાતી મળતી નથી એવી વાત છે રાજુલા શહેરના રઘુવંશી પરિવારની રઘુવંશી શબ્દ આવે ત્યારે સમગ્ર રઘુવંશી ગૌરવથી અને માનભેર સાથે હું છું તેનું ગૌરવ અનુભવે છે ત્યારે વાત છે રાજુલા શહેરના આ રઘુવંશી પરિવારની રઘુવંશી પરિવારના ચંદુભાઈ રૂપારેલ નટરાજ પાન રાજુલા શહેરના મુખ્ય બજારમાં એક પાનની દુકાન ચલાવે છે એમને થોડા સમય પહેલા એક સોના નું પેન્ડલ મળેલી જે મૂળ માલિકને મળે તે માટે સતત પ્રયત્નો કરતા રહેતા હતા પરંતુ પેંડલ કોનું છે તે ઘણા લાંબા સમય સુધી મળેલ નહીં પરંતુ અચાનક જ એક વ્યક્તિએ આ બાબતે આ તેમની દુકાને ચર્ચા કરે કે મારું પેન્દલ ઘણા સમય પહેલા પડી ગયેલ છે અને તેમને આ માલિકની છે તેની ખરાઈ કરી અને આ મૂળ માલિક વિજય અગ્રવાલ જેમની હતી તેમને સોના પેંદલ અંદાજિત કિંમત રૂપિયા ૨૫૦૦૦ નું જે મૂળ માલિક ને પરત કર્યું ત્યારે કહેવાય છે કે ખાનદાની ક્યાંય વેચાતી મળતી નથી ત્યારે આ રઘુવંશી પરિવારની ખાનદાની ને વંદન.

---

### સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

## ઉનાના ખાપટ ગામે હિટ એન્ડ રનની ઘટના

**ફોરવ્હીલે હડેફેટે લેતાં આધેડનું સારવાર દરમ્યાન મોત**

ઉના, (નિરવ ગઢીયા)ઉના તાલુકાના ખાપટ ગામે ગત સાંજે ઉનાથી ગીરગઢડા ચાલીને જઈ રહેલા ખાપટ ગામના માલાભાઈ મોરી નામના આધેડે એક ફોરવ્હીલના ચાલકે હડફેટે લેતા ૧૦૮ની મદદથી ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ જેમાં માથાના ભાગે ગંભી ઈજા થવાના કારણે તેમનુન સારવાર દરમ્યાન મોત નિપજયુંહતું. ઉનાના ગીરગઢડા રોડ ઉપરની આ એક મહિનામાં ચોથી ઘટના છે. જેમાં ત્રણ લોકોના જીવ ગયા હતાં અને સિંહબાળનું મોત થયેલ હતું.

---

## કોડીનાર - ડોળાસા વચ્ચે નેશનલ હાઇવે દ્વારા કોન્ટ્રાકટરનો ભ્રષ્ટાચાર છુપાવવા માટે પ્રયાસ

**તૂટેલા રોડ માં સિમેન્ટની રગડી ભરવામાં આવી રહી છે**



ડોળાસા,

કોડીનાર થી ડોળાસા સુધી નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા ફોર ટ્રેક સીમેન્ટ રોડ નું કામ ૨૦૧૫ થી ગોકળ ગાય ની ગતિ થી ચાલુ છે. આ રોડ માં એટલો ભ્રષ્ટાચાર થયો છે. કે અઢાર કી.મી.આ આ રોડ અનેક સ્થળોએ તૂટી ગયો છે. જે નિયમ મુજબ નવો બનાવો જરૂરી છે પણ અંહી તો આ ભ્રષ્ટાચાર છૂપાવવા ઢાંક પિછોડો કરવામાં આવી રહ્યો છે.

---

## જર્જરિત ઇમારતો ઉતારી લેવા માટે અમરેલી નગરપાલિકા દ્વારા જાણ કરાઇ

**ચોમાસાના સમયે દુર્ઘટનાને અટકાવવા પગલાઓ**

અમરેલી,

ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની જોગવાઈઓ અંતર્ગત અમરેલી શહેર હદ વિસ્તારમાં આવેલી સરકારી, અર્ધ સરકારી, બિન સરકારી, ખાનગી, સ્લમ તથા અન્ય ક્વાર્ટસ તથા મકાન ઈમારત સહિતના તમામ પ્રકારની ઈમારતોમાં રહેતાં હોય કે તેનો ઉપયોગ કરતા હોય કે હિત ધરાવતા હોય તેવી તમામ વ્યક્તિઓએ, કાયદાને આધીન રહી પોતાના મકાનનો ભયજનક ભાગ, જર્જરિત ભાગ તાકીદે ઉતારી લઈ બાકીના ભાગને સુરક્ષિત કરવાની કાર્યવાહી કરવાની રહેશે.

અન્યથા મકાન કે તેનો ભયજનક ભાગ, જર્જરિત ભાગ પડી જવાથી તે કે આસપાસની મિલ્કતને કે જાનમાલને નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી આવા મકાન, ઈમારતના માલિક, કબ્જેદારો, હિત ધરાવતા તમામ વ્યક્તિઓની રહેશે, જેની ગંભીર નોંધ લેવી. ભયજનક કે જર્જરિત મકાનોમાં કોઈપણ વ્યક્તિએ પ્રવેશ કરવો નહીં તેમ જ વસવાટ કે, અન્ય કોઈ ઉપયોગ કરવો નહીં. ભયજનક જણાતા હોય તેવા મકાનની આસપાસ જવર કરવી નહીં. આવા મકાન-ઈમારતની આજુબાજુના મકાનના ઉપયોગકર્તાઓએ સાવચેતીના ભાગરુપે પૂરતી કાળજી રાખવી.આ વિશે અમરેલી નગરપાલિકા દ્વારા અગાઉ પણ નોટિસ પણ આપવામાં આવી હોય સંબંધિત વ્યક્તિઓએ આ અંગે કાર્યવાહી કર્યાનું ધ્યાને આવ્યું નથી. આથી, હિત ધરાવનાર સંબંધિત તમામ કબ્જેદારોને આપવામાં આવેલી નોટિસ અન્વયેની કાર્યવાહી તાત્કાલિક ધોરણે કરવી, તાકીદની ચેતવણીને ધ્યાને લેવી તેમ અમરેલી નગરપાલિકા ચીફ ઓફીસરશ્રી દ્વારા એક યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

---

## ભારત સાધુ સમાજના રાષ્ટ્રીય અધ્યક્ષ પરમ પૂજ્ય મુક્તાનંદજી બાપુનો ૬૬મો પ્રાગટ્યોત્સવ ઉજવાયો


**અમરેલીમાં તાત્કાલીક હનુમાન મંદિરે બટુક ભોજન, ગાયોને ઘાસચારો, પાણીના કુંડા, હનુમાન ચાલીસ પાઠ સહિતનું અયોજન**



અમરેલી,ગીરપંથકમાં શિક્ષણની જલધારાના ઊર્મિ તરંગો જેમણે પાથરીયા છે તેમજ રાષ્ટ્રભાવના મંત્રોચ્ચાર સદાય પોતાના મુખ્યથી ઉચ્ચારણ કરતા જુનાગઢ જિલ્લાના વિસાવદર નજીક આવેલ ચાપરડા સુરેવધામ ધામ આશ્રમના મહંત શ્રી બ્રહ્માનંદ શૈક્ષણિક સંકુલના સ્થાપક તેમજ પંચ અગ્નિ સભાપતિ અને ભારત સાધુ સમાજના રાષ્ટ્રીય અધ્યક્ષ પરમ પૂજ્ય મુક્તાનંદજી બાપુનો ૬૬ મો પ્રાગટ્ય દિવસ નિમિત્તે સૌરાષ્ટ્ર તેમજ દેશ વિદેશમાં વિવિધ સેવાકીય કાર્યક્રમો કરવામા આવ્યા હતા જેમાં શ્રી રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ વિકાસ મંડળ અમરેલી શહેર દ્વારા પરમ પૂજ્ય બાપુના પ્રાગટ્ય દિવસ નિમિત્તે સેવા જ્યોતનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો જેમાં માટે પાણીના કુંડા પક્ષીઘર નાના બાળકોને બટુક ભોજન ગાયને ઘાસચારો અને હનુમાન ચાલીસા ના પાઠ જેવા વિવિધ કાર્યક્રમ શ્રી તાત્કાલિક હનુમાનજી મંદિર અવધ રેસિડેન્સી ની બાજુમાં અમરેલી રાખવામાં આવેલ હતો આ કાર્યક્રમમાં સમસ્ત બ્રહ્મસમાજ ના પ્રમુખ શ્રી મુકુંદભાઈ મહેતા સાહેબ, પુર્વ પ્રમુખ શ્રી ઉદયનભાઈ ત્રિવેદી સાહેબ, બિપીનભાઈ ભરાડ,શહેર ભાજપ ના ભરતભાઈ મકવાણા,પાર્થભાઈ તેરૈયા,રાજભાઈ જાની, વિશ્વ હિન્દુ પરિષદ ના ઈતેશભાઈ મહેતા, પ્રતાપસિંહ રાઠોડ, કિશોરભાઈ દવે, વિપુલભાઈ દવે, અક્ષયભાઈ જોષી , જીતેન્દ્રભાઈ દવે, પ્રકાશભાઈ મહેતા સમગ્ર કાર્યક્રમના ઈન્ચાર્જ તરીકે સંજયભાઈ દવે અંકિતભાઈ ભુટક રહ્યા હતા. તેની યાદી શ્રી રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ વિકાસ મંડળ અમરેલી શહેરના પ્રમુખ શ્રી મુકેશભાઈ તેરૈયા અને મહામંત્રી કિશનભાઈ શિલુ કરવામાં આવેલ હતી.

---

## કોડીનારમાં સિનેમામાં ફાયર સેફ્ટીના અભાવે લાયસન્સ રદ્દ કરવામાં આવ્યું



ગીર સોમનાથ, (સંજય રાઠોડ)

કોડીનાર ખાતે આવેલ ન્યુ એરા સિનેમામાં ફાયર સેફ્ટી બાબતેનાં નિયમોનું પાલન ન થતુ હોવાનું તથા ઘણાં લાંબા સમયથી સિનેમા લાયસન્સ રીન્યુ ન કર્યા હોવાનુ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દિગ્વિજયસિંહ ડી. જાડેજાના ધ્યાને આવતા જાહેર જનતાની સુરક્ષાને ધ્યાને લઈ તેઓ દ્વારા આજરોજ સદરહુ સિનેમાનું લાયસન્સ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી રાજેશ આલના માર્ગદર્શન હેઠળ કોડીનાર મામલતદારશ્રી દ્વારા સદરહુ સિનેમા બિલ્ડિંગ સીઝ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

---

## બાબરા તાલુકા ગ્રામ્યકક્ષા માટે એટીવીટીની ગ્રાન્ટ ફાળવવા વ્હાલા દવલા નીતિથી રોષ

**સ્થાનિક સ્વરાજની ગ્રામ પંચાયત વિસ્તારના અટકેલા કામો મુદ્દે પંચાયત મંત્રી સમક્ષ ન્યાયિક રજુઆત**

બાબરા, (દિપક કનૈયા)

બાબરા તાલુકા ના મોટા ભાગના ગામો માં વિકાસ માટે ગ્રાન્ટ ના નામે ઠેંગો અને અગાઉ ફાળવેલી ગ્રાન્ટો ના ચુકવણા નહી થતા સ્થાનિક સ્વરાજ્ય ની ગ્રામ પંચાયતો ના વિસ્તાર વિકાસ થી વંચિત રહેતા હોવાનો સુર વ્યાપક પ્રમાણ માં ઉઠી રહ્યો છે મળતી વિગત મુજબ સરકાર શ્રી ના ૧૫ માં નાણાપંચ આધારિત ગ્રામ્ય કક્ષા ના વિકાસ માટે વખતો વખત પ્રાંત અધિકારી ના અધ્યક્ષ સ્થાને ૯૬ લાઠી બાબરા વિસ્તાર ના ધારાસભ્ય સહિત ના અન્ય સભ્યો તેમજ બિન સરકારી સભ્યો ની ઉપસ્થિતિ માં એટીવીટી કાર્યવાહક સમિતિ ની બેઠકો મળવા પામે છે જેમાં બાબરા તાલુકા ના ૫૮ ગામો ના વિકાસ માટે વિવિધ માંગો મુજબ ગ્રાન્ટો ની ફાળવણી કરવા માં આવે છે ગત સમયે મળેલી મીટીંગ માં બાબરા તાલુકા ના ચમારડી લોન કોટડા થોરખાણ ઘુઘરાળા ખાખરીયા કુવરગઢ વાલપુર હાથીગઢ સહિત ના ૧૫ જેટલા ગામો માં વિકાસ મુદ્દે મળતી ગ્રાન્ટ રકમ ની ફાળવણી નહી કરવા માં આવતા ગ્રામ્ય વિસ્તાર વિકાસ થી વંચિત રહેવા પામે તેવી ધારણા થવા લાગી છે. સાથો સાથ અગાઉ ફાળવેલા ગામો માં પણ ગ્રાન્ટ ની રકમ સમયસર નહી આપવા માં આવતા મોટા ભાગ ના કામો અટક્યા હોવાનું જાણવા મળે છે ૯૬ લાઠી વિધાનસભા માં બાબરા તાલુકા ની ૫૮ ગ્રામ પંચાયત અને જીલ્લા પંચાયત વિસ્તાર ની ત્રણ સીટ નો વિસ્તાર આવતો હોઈ તેમાં વિવિધ પદ ઉપર ચુંટાયેલા મળતિયા પ્રતીનિધિ ના વિસ્તાર માં જુદા જુદા પ્રકારે ગ્રાન્ટો ફાળવી અને અન્ય ગ્રામ્ય વિસ્તાર સાથે વ્હાલા દવલા ની નીતિ રાખવા આવતી હોવાનો હાલ સુર ઉઠ્યો છે સ્થાનિક સ્વરાજ ની ગ્રામ પંચાયત વિસ્તાર ના અટકેલા કામો મુદ્દે પંચાયત મંત્રી સમક્ષ આ મુદ્દે ન્યાયિક રજુઆત થનાર હોવાનું ચર્ચાયું છે

---

## તાપી જિલ્લામાં ક્રાંતિકારી સંતશ્રી બ્રહ્મલીન પુજય રુદ્રપુરીબાપુની પ્રથમ માસિક પુણ્યતિથી ઉજવાઇ



સુરત, (મહેશગીરી)

તાપી જીલાના ઉચ્છલ મુકામે તા.૧૭/૫/૨૦૧૪ શુક્રવાર ના રોજ ક્રાંતીકારી સંત,સનાતની ના હિમાયતી ધારેશ્વર મહાદેવ મહંત બ્રહ્મલીન રુદ્રપુરી બાપુની પ્રથમ માસિક પુણ્યતીથી નિમીતે સંતો મહંતો ભક્તોની ઉપસ્થિત મા પુજા વિધિ કરવામાં આવેલ તેમજ બાળકોને બટુકભોજન, મહાપ્રસાદ અનેપુજય બાપુને શ્રધ્ધાસુમન અર્પણ કરવામા આવેલ એમ મહેશગીરી ગોસ્વામી(સુરત)ની યાદી જણાવે છે

---

### કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

## વરસાદની સિઝનને અનુલક્ષીને કચ્છ જિલ્લામાં સુરક્ષા અને સાવચેતીના પગલા ભરવા સુચનાઓ

ભુજ,

જિલ્લામાં આવેલા તમામ કારખાનાઓ તથા તમામ સ્છ્લ્લ તથા હેઝાર્ડસ કેમીકલ સ્ટોરેજ કરતા કારખાનાઓ તથા આઈસોલેટેડ સ્ટોરેજોને આ પરીપત્રથી સુચિત કરવામાં આવે છે કે વરસાદની સિઝન નજીકમાં હોવાથી કચ્છ જિલ્લાના કારખાનાઓમાં કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે હેતુથી નીચે જણાવ્યા મુજબના મુદ્દાઓ ધ્યાને લઈ તે મુજબ કામગીરી કરવી.સુરક્ષા બાબતે વિવિધ આ મુદ્દાઓ ધ્યાને લેવા અનુરોધ કરવામાં આવ્યો છે પરિપત્ર અનુસાર આઈસોલેટેડ સ્ટોરેજ/ટર્મિનલમાં સ્ટોર કરેલ જોખમી કે ઝેરી કેમીકલ્સનો સ્ટોક મર્યાદીત માત્રામાં રાખવો. જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી નવો સ્ટોક ન કરવો તથા વાવાઝોડા સમયે કોઈ મેજર એક્સીડેન્ટ ન થાય તેની પુરતી તકેદારી રાખવી. જો કોઈ ગંભીર બનાવ બને તો ડેપ્યુટી ડાયરેકટરશ્રી, ઈન્ડસ્ટ્રિયલ સેફટી એન્ડ હેલ્થ કચેરીને તાત્કાલીક જાણ કરશો. કોઈપણ કારખાનામાં જ્યાં જ્વલનશીલ પદાર્થો તથા રીએક્ટીવ પદાર્થો સ્ટોર કરેલા હોય ત્યાં પાણી ભરાય નહી તેવી વ્યવસ્થા કરવી તથા તેના છતમાંથી લીકેજ હોય તો તેને તાત્કાલીક ધોરણે રિપેર કરાવવી.કારખાનામાં જ્યાં જોખમી કચરો રાખવામાં આવે છે તે તમામ શેડને લીકેજ પ્રુફ બનાવવા. કારખાનામાં સંકટ સમયે લેવાના થતા પગલાની વિગતો તૈયાર કરવી તથા તે વિષે દરેક કામદારોને સમજણ આપવી તથા કારખાનામાં આવેલા ફાયર ફાઈટિંગ ઈક્વિપમેન્ટ્સને સર્વિસ તથા રિફિલીંગ કરાવી કાર્યદક્ષ રાખવા. ચાલુ વરસાદમાં છાપરા પર કે ઊંચાઈ પર કામ મુલતવી રાખવું અને જો ઈમરજન્સીમાં કામ કરવાનું થાય તો પ્રોપર સેફ્ટી બેલ્ટ, સેફ્ટી નેટ તથા ક્રાઉલર લેડરનો ઉપયોગ કરીને પ્રોપર સુપરવીઝન સાથે કામગીરી કરાવવી. કારખાનામાં આવેલ વરસાદી ગટરીને બરાબર સાફ કરવી. કારખાનામાં આવેલ રીચાર્જ વેલની સફાઈ કરાવવી. કારખાનામાં આવેલ ધાબાઓને બરાબર સાફ કરવા તથા ધાબાના પાણીના નિકાલ માટે લગાવેલ પાઈપને ડિ-ચોક કરવા.

---

### જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

## જૂનાગઢ જિલ્લામાં તા.૨૩ મે સુધી મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રીની આસપાસ રહેવાની હવામાન વિભાગની આગાહી

જૂનાગઢ ,

હવામાન વિભાગના અનુમાન મુજબ તા.૧૯ મે થી તા. ૨૩ મે દરમિયાન મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે. ત્યારે જૂનાગઢ આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા શહેરીજનોને હીટવેવથી બચવા માટે જરૂરી કાળજી લેવા માટે અપીલ કરી છે.

હીટવેવ અને લૂ થી રક્ષણ મેળવવા માટે બહાર જતી વખતે પાણીની બોટલ સાથે રાખવી, પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી પીવા જોઈએ. જેમ કે પાણી, લીંબુ શરબત, છાશ, નાળિયેર પાણી અથવા અન્ય પ્રવાહીનું સેવન કરવું, તાજા ફળો અને શાકભાજી ખાવા, તીખુ ખાવાનું ટાળો, તેમજ આહારમાં વધુ પડતું પ્રોટીન અને વાસી ખોરાક લેવાનું ટાળો, ચા કોફી અને સોડા વાળા પીણાં પર નિયંત્રણ રાખો.

બહાર જતી વખતે છત્રી,ટોપી, કે સ્કાર્ફ સાથે રાખવું, લાંબો સમય તડકામાં ન રહેવું, આછા રંગના તેમજ ઢીલા સુતરાઉ કપડાં પહેરવાં, કામ કરતી વખતે થોડા થોડા સમયે વિરામ લેવો જોઈએ, અને ઠંડક વાળા સ્થળો પર સમયાંતરે આરામ કરવો અને નાના બાળકો, વૃદ્ધો અને સગર્ભા સ્ત્રીઓનું ખાસ ધ્યાન રાખવું. લૂ લાગવાના લક્ષણોમાં ગરમીની અળાઈઓ, ખુબ પરસેવો થવો અને અશક્તિ લાગવી, માથાનો દુઃખાવો,ચક્કર આવવા, ચામડી લાલ-સુકી અને ગરમ થઈ જવી, સ્નાયુઓમાં દુઃખાવો અને અશક્તિ આવવી, ઉબકા અને ઉલ્ટી થવીનો સમાવેશ થાય છે. ઉપરાંત જરૂરી સારવાર માટે નજીકનાં સરકારી દવાખાના CHC,PHC,UHC નો સંપર્ક કરવો.

---

### અવસાન નોંધ

રાજુલા

રાજુલા નિવાસી સ્વ. મણીલાલ ધારશીભાઈ વોરાના ધર્મપત્નિ સ્વ. ભાનુમતિબેન મણીલાલ વોરા (ઉ.વ. ૮૨) તેઓ ગુણવંતરાય વોરા, દિલીપભાઈ વોરા, રાજુભાઈ વોરા, જયશ્રીબેન જયંતકુમાર કામદાર (અમરેલી) અને ભાવનાબેન નિતીનભાઈ ઢેઢી (વડોદરા) ના માતુશ્રી, બળવંતરાય ડી. વોરા (મુંબઈ)ના ભાભી, ચલાલા નિવાસી હાલ મુંબઈ ગુલાબચંદ જીવનલાલ લાખાણીના દિકરી અને રમેશભાઈ લાખાણી તથા ગીરીશભાઈ લાખાણી ના મોટા બહેન તા. ૧૫/૫/૨૪ના અરિહંત શરણ પામેલ છે.

